દિવ્ય ભાસ્કર ફ્રન્ટ પેજ. ૦૧ તા. ૦૧.૦૧.૨૦૨૫

મેટ્રોની કનેક્ટિવિટી માટે લાઈટ રેલ ટ્રાન્સિટની સુવિધા શરૂ થશે, સેપ્ટે કોન્સેપ્ટ તૈયાર કરી મ્યુનિ.ને સોંપ્યો

આવતાં 25 વર્ષમાં જોઈશું

લોકલ ટ્રાન્સપોર્ટને મજબૂત કરવા રસ્તા પર ટ્રામ જેવી લાઈટ રેલ દોડશે, વોટર મેટ્રો પણ શરૂ થશે

અમદાવાદ : આપણે 21મી સદીના સિલ્વર જ્યુબિલી વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે. આ 25 વર્ષોમાં અમદાવાદને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એજ્યુકેશન, ટ્રાન્સપોર્ટેશન, સ્પોર્ટ્સ જેવા વિવિધ ક્ષેત્રોમાં ઘણું બધું મળ્યું છે. અમદાવાદને બીઆરટીએસ, મેટ્રો ટ્રેનની સુવિધા મળી. કાંકરિયા લેક ફ્રન્ટ, રિવરફ્રન્ટ, વિશ્વના સૌથી મોટા મોદી ક્રિકેટ સ્ટેડિયમે શહેરને નવી ઓળખ અપાવી. આધુનિકતાની હરણફાળ વચ્ચે પોતાનો વારસો પણ જાળવી રાખ્યો, જેને કારણે અમદાવાદ પ્રથમ વર્લ્ડ હેરિટેજ સિટી બન્યું. હવે આવનારાં 25 વર્ષમાં પણ શહેર આવા જ ઘણા માઈલસ્ટોન સર કરશે.

લાઈટ રેલ ટ્રાન્સપોર્ટ | મ્યુનિ.ના આગામી બજેટમાં જોગવાઈ કરવામાં આવશે

અનિરુદ્ધસિંહ પરમાર | અમદાવાદ

અમદાવાદમાં આવનારાં 25 વર્ષમાં લોકલ ટ્રાન્સપોર્ટ નેટવર્ક વધુ મજબૂત થશે. શહેરમાં પહેલી વાર કોલકાતાની ટ્રામ સર્વિસની જેમ લાઈટ રેલ ટ્રાન્ઝિટ (એલઆરટી)ની સુવિધા શરૂ કરાશે. આ માટે વિવિધ વિસ્તારોમાં જમીનનો ફિઝિબિલિટી રિપોર્ટ ટૂંક સમયમાં કરાશે.

હાલ સેપ્ટ યુનિવર્સિટીએ એક કોન્સેપ્ટ તૈયાર કરી મ્યુનિ.ને સોંપ્યો છે. લાઈટ રેલ ટ્રાન્સપોર્ટની

પ્રતિકાત્મક તસવીર

મ્યુનિ.ના 2025ના બજેટમાં જોગવાઈ કરવામાં આવશે. એલઆરટીની સુવિધા હાલના મેટ્રો રૂટને અંદરના રૂટ સાથે જોડવા માટે થશે. સાથે હાલ જે રોડ પહોળા છે ત્યાં આ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ શરૂ કરાશે, જેથી લોકોને પોતાનાં ઘરના નજીકથી મેટ્રો સ્ટેશન સુધી પહોંચવાની સુવિધા ઉપલબ્ધ થશે.

ઉપરાંત જે રૂટ પર વધારે લોકોની અવરજવર હશે ત્યાં નવી ટ્રાન્સપોર્ટ સિસ્ટમ લાગુ કરશે. આ લાઈટ રેલ ટ્રાન્સિટમાં એક ડબો પણ ઓપરેટ થઈ શકશે. આ પહેલાં કોર્પોરેશન દુનિયાની સફળ એલઆરટીનું સ્ટડી કરશે.

વધુ ટ્રાફિક હશે ત્યાં પણ લાઇટ રેલ શરૂ કરાશે

શહેરને આવનારા વર્ષોમાં લાઈટ રેલ ટ્રાન્સિટની ભેટ મળશે. આ માટે આવનારા બજેટમાં જોગવાઈ પણ કરાશે. હાલ સેપ્ટના કોન્સેપ્ટને આધારે પ્લાનિંગ ચાલી રહ્યું છે. આ સુવિધા મેટ્રોના રૂટને જોડતા રોડ, ઉપરાંત વધુ ટ્રાફિક ધરાવતા વિસ્તારોમાં વિકસાવાશે.

એમ. થેન્નારસન, અમદાવાદ મ્યુનિ. કમિશનર